# ઘણી વાર થાય શું, હું ખોટી જગ્યાએ છું? : અનન્યા પાંડે

**બો**લિવૂડમાં ઘણા કલાકારો આવે છે, થોડા ટકી જાય છે, અને બહુ ઓછા એવા હોય છે જે પોતાની કમજોરીઓ ખુલ્લેઆમ સ્વીકારે. એવી એક એક્ટ્રેસ કોઈ તેને સ્ટાર કિડ કહે છે, કોઈ ફેશન આઈકન, તો કોઈ તેને 'અન્ડરએસ્ટિમેટેડ' એક્ટ્રેસ માને છે. પરંતુ આ લેબલ્સની વચ્ચે ઉભેલી એક યુવતી અનન્યા પાંડે, જે પોતાની સ્ટગલ, ઈનસિક્યોરિટી અને સપનાઓ વિશે ગહેરાઈયાંથી વાત કરી રહી છે.......



**સ્ટાર ટૉકઓન**

**● આજે, તામારું બોલિવૂડ ડેબ્યૂને કઈ રીતે જુઓ છો?**

મારુ ડેબ્યૂ મને હજી પણ એક સપના જેવું લાગે છે, સાથે એક રિયાલિટી ચેક પણ હતું. મને લાગતું હતું કે હું તૈયાર છું પરંતુ કેમેરા સામે આવતાં સમજાયું કે આ માત્ર ગ્લેમરથી કામ નથી ચાલતું. આ એક ક્રાફ્ટ છે. આજે હું સ્વીકારું છું કે ત્યારે હું અધૂરી હતી પણ શીખવા તૈયાર હતી.

**● સ્ટાર કિડ હોવાનો ફાયદો કે નુકસાન, શું મળ્યું?**

હા ફાયદો મળ્યો અને તેનો ભાર પણ વધારે હતો. લોકો માનતા હતા કે મને બધું પ્લેટમાં તૈયાર મળ્યું છે. પરંતુ કોઈએ એ નથી જોયું કે હું પણ ઓડિશન આપતી, રિજેક્ટ થતી અને રાતે ઘરે આવીને રડતી હતી. એડવાન્ટેજ એટલો કે દરવાજો ખુલ્લો હતો પરંતુ અંદર ટકવું તમને જાતે જ પડે. "સ્ટાર કિડ" ટેગ મને રોજ યાદ અપાવે છે કે લોકો મારી સાથે સહાનુભૂતિ રાખશે નહીં. મારી ભૂલ મોટી બની જાય છે, અને મારી મહેનત ઘણીવાર નજરઅંદાજ થાય છે. હા, મને પ્લેટફોર્મ મળ્યું, પરંતુ એ પ્લેટફોર્મ પર ઊભી રહેવા માટે મેં પણ ઘણું સહન કર્યું છે – જે બહારથી દેખાતું નથી.

**● 'નેપોટિઝમ' શબ્દ તમને આજે પણ અસર કરે છે?**

શરૂઆતમાં બહુ અસર કરતું. હું દરેક કોમેન્ટ દિલ પર લઈ લેતી. પછી સમજાયું – હું દરેકને ખુશ રાખી શકતી નથી. આજે હું માત્ર એટલું જ વિચારું છું કે શું હું ગઈકાલ કરતાં સારી એક્ટ્રેસ છું?

**● શરૂઆતમાં તમારી એક્ટિંગ પર ખૂબ ટીકા થઈ. એ કેવી રીતે હેન્ડલ કર્યું?**

એ ખૂબ મુશ્કેલ હતું. હું સોશ્યલ મીડિયા બંધ કરી દેતી, ફોન દૂર રાખતી. પરંતુ એક સમય પછી મેં નક્કી કર્યું કે ભાગવું નહીં. મેં વર્કશોપ્સ કર્યા, સ્ક્રિપ્ટ રીડિંગ વધાર્યું, અને સૌથી મહત્વનું હું મારી ભૂલો સ્વીકારવા લાગી.

**● સોશ્યલ મીડિયા – તમારો દોસ્ત કે દુશ્મન?**

એ બે ધારી તલવાર છે. એક બાજુ પ્રેમ છે, બીજી બાજુ સતત કમ્પેરિઝન. એ તમને પ્રેમ આપે છે પણ ખૂબ જ ઝડપથી જજ પણ કરે છે. હવે મેં શીખી લીધું છે કે ક્યારે સ્ક્રોલ કરવું અને ક્યારે અટકવું. મને લાગ્યું કે મજબૂત દેખાવું પૂરતું નથી – અંદરથી મજબૂત થવું જરૂરી છે.

**● પર્સનલ લાઈફ વિશેની અફવાઓ તમને પરેશાન કરે છે?**

હા, કારણ કે એ ઘણીવાર તે સત્યથી ખૂબ દૂર હોય છે. હું પણ એક સામાન્ય માણસ છું. મને પણ પ્રાઇવસી ગમે છે.

**● આજની અનન્યા, પાંચ વર્ષ પહેલાંની અનન્યા કરતાં કેટલી બદલાઈ છે?**

હવે હું ઓછી ડરુ છું. વધારે સાંભળું છું. અને સૌથી મહત્વનું હવે હું મારી જાતને માફ કરી શકું છું. મને લાગે છે કે શરૂઆતમાં મેં પોતાને બહુ સેફ રાખવાનો પ્રયાસ કર્યો. હું એવી ફિલ્મો કરવા માગતી હતી, જેમાં મને ઓછું જજ કરવામાં આવે. હવે સમજાય છે કે રિસ્ક લીધા વિના ગ્રોથ આવતો નથી. હું એ સમયની મારી ભૂલ કરતા શીખામણ તરીકે જોઈશ.

**● આજે જ્યારે તમારી ફિલ્મોગ્રાફી જુઓ છો, તમને લાગે છે કે તમારી સાથે ન્યાય થયો છે?**

હું સાચું કહું તો હજુ નહીં. મને લાગે છે કે હું હજુ શરૂઆતમાં છું. મેં કેટલીક ભૂલો કરી છે, કેટલીક પસંદગીઓ ઉતાવળમાં કરી છે. પણ હું એનો અફસોસ નથી કરતી, કારણ કે એ બધું મને આજે વધુ સમજદાર બનાવે છે. મારા કરિયરના બિલ્ડિંગ ફેઝમાં છું. હું મારા પાયાં મજબૂત કરી રહી છું, મહેલ પછી બનાવાશે.

**● તમે ક્યારેય એવું અનુભવું કે "હું આ ઇન્ડસ્ટ્રી માટે પૂરતી નથી"?**

ઘણી વખત. ખાસ કરીને જ્યારે ટ્રોલિંગ વધી જાય, અથવા કોઈ ફિલ્મ રિલીઝ પછી નેગેટિવ રિએક્શન આવે. ત્યારે મનમાં આવે – "શું હું ખોટી જગ્યાએ છું?" પણ પછી હું ફરી કામ પર ધ્યાન કેન્દ્રિત કરું છું. 'ગ્લેમ ગર્લ' તરીકે ટાઈપકાસ્ટ થવાની ચિંતા થાય, એટલે જ હું સ્ક્રિપ્ટ પસંદ કરતી વખતે બહુ અવેર બની છું. મને માત્ર સુંદર દેખાવું નથી, મને યાદ રાખવામાં આવે એવી બનવું છે.

**● તમે ક્યારેય વિચાર્યું કે થોડો બ્રેક લઈએ?**

હા, પણ મને ડર લાગ્યો કે બ્રેક લઈશ તો લોકો ભૂલી જશે. હવે સમજ આવી છે કે મેન્ટલ પિસ વધારે જરૂરી છે.

**● હવે તમારી એક્ટિંગ પ્રોસેસ શું છે?**

હું બહુ તૈયારી કરું છું. સ્ક્રિપ્ટ વારંવાર વાંચું છું, ડાયરીમાં નોટ્સ લખું છું. હું "નેચરલ" દેખાવા માટે બહુ મહેનત કરું છું. ●



# સુરતનું જમવાનું અને લોકો, બંને મજેદાર છે : મલ્હાર ઠાકર

**શિ**યાળાના રવિવારની ઠંડી સવારમાં જ્યારે સુરતીઓ લોચો-ખમણની મજા માણતા હતાં ત્યારે ગુજરાતી સિનેમા સ્ટાર મલ્હાર ઠાકર સુરતમાં તેમના ફેન્સને મળી રહ્યા હતા. ફોટો પડાવવા ઉત્સુક ફેન્સથી ઘરાયેલા મલ્હાર માટે ભીડ ઓળંગી એક વ્યક્તિ ગરમ કોફીનો કપ લાવીને ટેબલ પર મૂકે છે અને પછી કોફી અને ફેન્સની હૂંફ વચ્ચે ગુજરાતમિત્ર સાથે મલ્હારની ગપશપ શરુ થાય છે....

**ગપશપ**

**કઈ કોફી તમને ભાવે?**
ફ્લેટવાઈટ હોટ કોફી

**અને ચા?**
હું નાનપણથી ચા નથી પી, પણ કોઈક વાર બોર્નવીટા પીય લઉં છું. પણ શુગરથી શક્ય એટલો દૂર રહું છું.

**ડાયટિંગ કરો?**
હા... એ ચાલુ જ હોય છે. પણ હમણાં મને લાગે છે મારુ વેઇટ ગેઇન થઈ ગયું છે..

**શું કારણ હશે?**
સ્ટ્રેસ અને બહું જ બધું ટ્રાવેલિંગ. હમણાં પાછલા 3-4 મહિના મોટા ભાગે આઉટ ઓફ ઇન્ડિયા રહ્યો તો એ કારણ હોઈ શકે છે. અને હું પ્યોર વેજિટેરિયન છું એટલે જમવા બાબતે ઘણી તકલીફ પડતી હોય છે..

**તમને કઈ વાતનું સ્ટ્રેસ છે?**
ફિલ્મનું શેડ્યુલિંગ, ટાર્ગેટ પુરા કરવા.. એ બધું

**હમણાં પૂજા સાથે ઇન્ડોનેશિયા ફરીને આવ્યા તો કેવું લાગ્યું?**
બાલી ગયા હતા અમે. ખૂબ સારું છે, ત્યાં ખૂબ શાંતિ છે. અને હું એટલો શાંત માણસ નથી.. મને દોડાદોડ કરવા જોઈએ, થોડી ભીડભાડ જોઈએ.

**પૂજા જોશીનો સ્વભાવ કેવો?**
સુપર્બ, ખૂબ રીયલ, ઓનેસ્ટ, લોયલ... એ બહું જ શાંત, પરફેક્ટ, વેલ પ્લેનર. એ ટાઈમ ટૂ ટાઈમ કામ કરે. એટલે મારે જો સવારે 7:30 વાગ્યે શૂટ માટે જવું હોય તો 7 વાગ્યે ઉઠું. જ્યારે પૂજાને આ ટાઈમ પર જવું હોય તો 5:30 વાગ્યે ઉઠી જાય. પણ અમારા બંનેની બર્થડેટ સરખી છે (28 જૂન) એટલે અમે બંન્ને 'વાઈબ' મેચ કરી લઈએ છે. અમને બંનેને ટ્રાવેલિંગ ગમે, શુટીંગ, સેટ પર રહેવું, ફિલ્મ, મીડિયા આ બધું કોમન છે એટલે મજા પડે છે.

**26 નવેમ્બરે લગ્નને એક વર્ષ થયું. આ એક વર્ષનો સમય કેવો વિત્યો?**
હું ઘણો બદલાયો. લાઈફમાં થોડો સિક્યોર થયો, કોન્સન્ટ્રેશન વધ્યું. આ બધું પૂજાના કારણે પોસિબલ થયું...

**USA ઘણી વાર ગયા છો, ગુજરાતીની નજરે કેવું લાગે છે..?**
હા હું 6-7 વાર ગયો છું પણ ગુજરાતી નજરે જોઉં તો ઘણું સ્ટ્રિક્ટ લાગે. નિયમો પાળવાના, અમુક જ વસ્તુ કરવી પડે.. એટલે આ બધું ફરવા જાઓ તો ગમે પણ પર્સનલી રહેવા માટે કે સેટલ થવા માટે નથી.. એને ફરવા પૂરતું સીમિત રાખવું.. અને બીજા કોઈ દેશમાં સેટલ થવું એટલું ઇઝી નથી.. એટલે એવું થાય કે તમારા પાસે રોલ્સરોય હોય ને તમારે સાફસફાઇનું કામ કરવા જવું પડે...

**અને સુરત ગમે તમને?**
હા સુરત તો હું ઘણી વાર આવતો હોવ છું. મારા ખાસ 4-5 અંગત દોસ્તો સુરતમાં જ રહે છે.. સુરતનું જમવાનું અને લોકો બન્ને મજેદાર છે.

**2025નું વર્ષ કેવું રહ્યું?**
ગુજરાતી ફિલ્મો માટે તો ખૂબ જ સારું. 6-7 ફિલ્મો એ મળીને લગભગ 200 કરોડ જેટલી કમાણી કરી છે. લોકો એ આ ફિલ્મોને વધાવી લીધી છે. એટલે 2026 વધારે સારું જશે એમ લાગે છે.

**અને 2026માં તમારી કઈ ફિલ્મ આવી રહી છે?**
હા 2-3 પ્રોજેક્ટ પર કામ ચાલુ છે. એટલે ફર્સ્ટ હાફમાં 2 ફિલ્મો લગભગ આવશે અને બીજા હાફમાં એક ફિલ્મ આવવાની છે. તો બસ ફિલ્મો જોતા રહેજો... ●




# ઓડિયન્સ કહેશે, "તું મેરી મૈં તેરા?"

**ટ્રેન્ડિંગ**

**'તું** મેરી મેં તેરા, મેં તેરા તું મેરી' ફિલ્મનું નામ બોલવામાં જેટલી તકલીફ થાય છે એટલી તકલીફ પબ્લીક લેવા નથી માગતી. કાર્તિક આર્યન અને અનન્યા પાંડે સ્ટાર્ર આ ફિલ્મ જુલાઇમાં 'સૈયારા' પછી રિલીઝ થવાની હતી પરંતુ સૈયારાની પોપ્યુલારિટી જોઇને પ્રોડ્યુસરોએ કાર્તિકની ફિલ્મ રીલિઝ ન કરી અને રીલિઝ ડેટ પાછળ ધકેલી દીધી. ત્યારબાદ રણવીર સિંહની 'ધુરંધર' થિયેટરમાં આવતાં પહેલાં જ ગ્રેટ એડવાન્સ બુકિંગ મેળવતા ફરી 'તું મેરી મેં તેરા, મેં તેરા તું મેરી'ની રીલિઝ ડેટ પોસ્ટપોન કરવામાં આવી. હવે આખરે વર્ષ પૂરું થતા તેના પ્રોડ્યુસરોએ 25 ડિસેમ્બરે બોલિવૂડમાં 2025ની છેલ્લી ફિલ્મ રીલિઝ કરવાનો નિર્ણય લીધો છે.

ફિલ્મમાં કાર્તિક આર્યન 'રે' નામનો મમ્મીનો લાડકો અને મજાકિયા છોકરો છે. 'રુમી' બની છે અનન્યા પાંડે, જે મોડર્ન છોકરી છે પણ જૂના જમાનાનો સાચો પ્રેમ ઈચ્છે છે. બંને એરપોર્ટ પર મળે છે અને ક્રોએશિયાના વેકેશન પર સાથે જાય છે. ત્યાં બંને મજા કરે છે, ડાન્સ કરે છે, ગીતો ગાય છે અને પ્રેમમાં પડે છે. પણ પરિવારનું પ્રેસર અને જૂની પરંપરાઓ વચ્ચે તેમના પ્રેમની પરીક્ષા થાય છે. શું બંને સાથે રહેશે? આવું કંઇક ફિલ્મના ટ્રેલર પરથી જાણવા મળે છે. ફિલ્મમાં જોવા જેવું તો ફક્ત ક્રોએશિયા અને આગ્રાના સુંદર લોકેશન લાગે છે.

કાર્તિક આર્યન અને અનન્યા પાંડે 'પતિ પત્ની ઔર વો' પછી બીજી વાર સાથે જોવા મળશે. સપોર્ટિંગ કાસ્ટમાં નીના ગુપ્તા, જેકી શ્રોફ, ટિકુ તલસાનિયા, અરુણા ઈરાની છે. 'સત્યપ્રેમ કી કથા'ના ડિરેક્ટર સમીર વિદ્વાન્સે ફિલ્મનું ડિરેક્શન કર્યું છે. 'તું મેરી મેં તેરા, મેં તેરા તું મેરી' ધર્મા પ્રોડક્શન્સના બેનર નીચે બની છે. તેના પ્રોડ્યુસર તરીકે કરણ જોહર, અદાર પૂનાવાલા, અપૂર્વ મહેતા છે. ફિલ્મનું મ્યુઝિક વિશાલ-શેખરે આપ્યું છે.

ફિલ્મ U/A સર્ટિફિકેટ મળ્યું છે, અને સેન્સર બોર્ડે થોડા સીન કાપ્યા છે. ફિલ્મના ગીતો ચાર્ટબસ્ટર છે, ખાસ કરીને ટાઈટલ સોંગ 'હમ દોનો' અને 'સાત સમુંદર પાર', જે ઓરિજીનલ બ્લોકબસ્ટર ગીતના રિમેક છે. ગીતની કોર્યોગ્રાફી સારી છે અને કાર્તિકના ડાન્સ મૂવ્ઝ હાલમાં વાયરલ થયા છે. પરંતુ ફક્ત ગીતોના આધારે ફિલ્મ હિટ તો ન થઇ શકે!

ફિલ્મ 25 ડિસેમ્બર 2025ના રોજ થિયેટરમાં આવી છે. એડવાન્સ બુકિંગ ધીમી શરૂઆત થઈ છે કારણ કે અન્ય મોટી ફિલ્મો (જેમ કે ધુરંધર અને અવતાર: ફાયર એન્ડ એશ) સાથે ક્લેશ છે. શો ઓછા મળ્યા છે, પણ ફેસ્ટિવલ સીઝન છે તો વધી શકે છે. ફિલ્મનું ઓપનિંગ 6-10 કરોડની આસપાસ અપેક્ષા છે. થિયેટર પછી ફિલ્મ અમેઝોન પ્રાઈમ વીડિયો પર આવશે. પહેલા રેન્ટ પર (ફેબ્રુઆરી 2026ની શરૂઆતમાં), પછી ફ્રી સ્ટ્રીમિંગ પર. ●